GSCPCR

JUST RIGHTS FOR CHILDREN

सत्यमेव जयते
ગુજરાત સરકાર

विकसित भारत अभियान
1947 TO 2047

CALL 112







ગુજરાત રાજ્ય
બાળ અધિકાર સંરક્ષણ આયોગ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

બાળ અધિકાર માર્ગદર્શિકા

બાળદેવો ભવઃ



સુરક્ષિત બાળક, સશક્ત સમાજ, સમૃદ્ધ રાષ્ટ્ર



વિકસિત ભારતનું ભાવિ

"બાળકોનું શિક્ષણ, તેમને મળતું વાતાવરણ અને બાળપણના અનુભવો તેમના ભવિષ્યના વ્યક્તિત્વના ઘડતરમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે."

- માનનીય શ્રી નરેન્દ્ર મોદી
વડાપ્રધાન

બાળ ગોષ્ઠી



પ્રાથમિક શાળાના બાળકો સાથે સંવાદ

"બાળકોના સર્વાંગી વિકાસ માટે
ગુજરાત રાજ્ય કટિબદ્ધ છે."

- શ્રી ભૂપેન્દ્ર પટેલ
માનનીય મુખ્યમંત્રીશ્રી
ગુજરાત રાજ્ય

શ્રી હર્ષ સંઘવી

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી
ગુજરાત રાજ્ય





“બાળકોની કાળજી અને સુરક્ષા માટે સરકાર પ્રતિબદ્ધ છે.”

ડૉ. પ્રદ્યુમન વાજા

માનનીય મંત્રીશ્રી,
સામાજિક ન્યાય અને અધિકારિતા,
પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ
ગુજરાત રાજ્ય





“બાળકોના શિક્ષણ, સ્વાસ્થ્ય, પોષણ અને સુરક્ષા માટે સરકાર કટિબદ્ધ છે.”

ડૉ. શ્રીમતી મનિષાબેન વકીલ

માનનીય મંત્રીશ્રી
મહિલા અને બાળ કલ્યાણ વિભાગ (સ્વતંત્ર હવાલો)
સામાજિક ન્યાય અને અધિકારીતા (રાજ્ય કક્ષા)
ગુજરાત રાજ્ય





“બાળ અધિકારનું રક્ષણઃ સુરક્ષિત અને સંવેદનશીલ સમાજ તરફનું પહેલું પગલું...”

શ્રીમતી ધર્મિષ્ઠાબેન ગજ્જર

માનનીય ચેરપર્સન,
ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ





બાળ અધિકારોનું રક્ષણ - ઉજ્જવળ ભવિષ્યની દિશા

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
બાળ અધિકાર સંરક્ષણ આયોગ

CALL 112



ડૉ. પ્રદ્યુમન વાજા
માનનીય મંત્રીશ્રી
સામાજિક ન્યાય અને અધિકારીતા,
પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ
ગુજરાત રાજ્ય



ડૉ. શ્રીમતી મનિષાબેન વકીલ
માનનીય મંત્રીશ્રી
મહિલા અને બાળ કલ્યાણ (સ્વતંત્ર હવાલો)
સામાજિક ન્યાય અને અધિકારીતા (રાજ્ય કક્ષા)
ગુજરાત રાજ્ય



શ્રીમતી ધર્મિષ્ઠાબેન ગજ્જર
ચેરપર્સન
ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ



શ્રી હર્ષદકુમાર પટેલ IAS
સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ



શ્રી ડી. ડી. કાપડિયા, IAS (Retd)
સચિવ
ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ



શ્રીમતી વર્ષાબેન પટેલ
સભ્ય
ગુજરાત રાજ્ય
બાળ અધિકાર સંરક્ષણ આયોગ



શ્રીમતી અમૃતાબેન અખિયા
સભ્ય
ગુજરાત રાજ્ય
બાળ અધિકાર સંરક્ષણ આયોગ



શ્રી કમલેશ રાઠોડ
સભ્ય
ગુજરાત રાજ્ય
બાળ અધિકાર સંરક્ષણ આયોગ



શ્રી વિષ્ણુભાઈ પટેલ
સભ્ય
ગુજરાત રાજ્ય
બાળ અધિકાર સંરક્ષણ આયોગ

બાળ અધિકારોનું રક્ષણ: આપણા સૌની જવાબદારી

અનુક્રમણિકા

ક્રમ	પ્રકરણનું નામ	પાના નંબર
૧.	ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ વિશે	૧
૨.	ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના કાર્યો	૨
૩.	બાળ અધિકારો	૩
૪.	બાળ અધિકારો અંગેના કાયદાઓ	૪
૫.	મિશન વાત્સલ્ય	૫
૬.	બાળ અધિકારો અંગેની સમસ્યાઓનાં મૂળભૂત કારણો	૬
૭.	બાળકોમાં કુપોષણ	૭
૮.	બાળકોમાં માનસિક અને શારીરિક વિકાસના તબક્કા	૮
૯.	RTE-Right To Education	૯
૧૦.	બાળ લગ્ન	૧૦
૧૧.	બાળ મજૂરી	૧૧
૧૨.	જાતીય શોષણ - POCSO	૧૨-૧૩
૧૩.	બાળ તસ્કરી	૧૪
૧૪.	જંક ફૂડ	૧૫
૧૫.	મેદસ્વિતા	૧૬
૧૬.	બાળકોમાં મોબાઇલનું વ્યસન	૧૭
૧૭.	સાયબર બુલિંગ	૧૮
૧૮.	બાળકોમાં ડિપ્રેશન	૧૯
૧૯.	બાળ આત્મહત્યા નિવારણ	૨૦
૨૦.	બાળ અધિકારો સંબંધિત હિતધારકો	૨૧
૨૧.	મારી યોજના પોર્ટલ - બાળકો અને વિદ્યાર્થીઓ માટેની યોજનાઓ	૨૨
૨૨.	બાળ સંકલ્પ	૨૪

બાળ સુરક્ષાનું માળખું
Institutional Framework



Legal Framework

- NALSA
- SALSA
- DLSA
- Special Court
- POCSO Court

Department of Social Justice & Empowerment
Government of Gujarat



Public Grievance System

1098
112
Child Help Line

Gujarat State Commission for Protection of Child Rights (GSCPCR)

Gujarat State Child Protection Society (GSCPS)

District Child Protection Unit (DCPU)



BCPA



CWC



JJB



SJPU

VCPC

Child in need of care and protection (CNCP)

Child in conflict with law (CiCL)

SWPO

CCIs-Observation Home / Shelter Home



ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ

ABOUT GSCPCR



ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ (GSCPCR)

(૦ થી ૧૮ વર્ષના) બાળકોના મૂળભૂત અધિકારો

શિક્ષણ, સ્વાસ્થ્ય, સુરક્ષા અને સહભાગિતા સુનિશ્ચિત કરવી - મુખ્ય કાર્ય

ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગની રચના

"Commissions for Protection of Child Rights Act, 2005" Sec-17 હેઠળ આયોગની રચના



આયોગની મુખ્ય ભૂમિકા

- PROTECTION
- MONITORING
- AWARENESS
- ADVOCACY

ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના કાર્યો

FUNCTION OF THE COMMISSION



બાળ અધિકારો

CHILD RIGHTS

જીવન જીવવાનો અધિકાર: (Right to Survival)

જન્મ લેવાનો, વેક્સિનેશન અને આરોગ્ય, પૌષ્ટિક આહાર, સ્વચ્છ પાણી અને આશ્રય મેળવવાનો અધિકાર



વિકાસનો અધિકાર: (Right to Development)

રમવાનો, શિક્ષણ અને સ્વાસ્થ્ય સેવાઓ મેળવવાનો અધિકાર



સંભાળ અને રક્ષણનો અધિકાર: (Right to Care and Protection)

શોષણ, ઉત્પીડન, હિંસા અને ઉપેક્ષાથી રક્ષણ મેળવવાનો અધિકાર



ભાગીદારીનો અધિકાર: (Right to Participation)

અભિપ્રાય વ્યક્ત કરવાનો, જૂથો અને સમાજમાં જોડાવાનો, તેને અસર કરતા નિર્ણયોમાં ભાગ લેવાનો અધિકાર





બાળ અધિકારો અંગે મહત્વના કાયદાઓ

- Commissions for Protection of Child Rights Act, 2005
- Right of Children to Free and Compulsory Education Act, 2009
- Juvenile Justice (Care and Protection of Children) Act, 2021
- Protection of Children from Sexual Offences (POCSO) Act, 2012
- Prohibition of Child Marriage Act, 2006
- The Child and Adolescent Labour (Prohibition and Regulation) Act, 2016
- The Pre-Conception and Pre-Natal Diagnostic Techniques PCPNDT Act
- Immoral Traffic (Prevention) Act, 1956
- Bhartiya Nyaya Sanhita -2023(BNS)
- Information Technology Act, 2000

બાળ અધિકારો અંગે સમસ્યાઓ અને પડકારો

- સ્કૂલ ડ્રોપઆઉટ
- કુપોષણ
- બાળ લગ્ન
- બાળ મજૂરી
- બાળ તસ્કરી
- બાળ ભિક્ષાવૃત્તિ
- શારીરિક અને માનસિક શોષણ
- જાતીય શોષણ (POCSO)
- મોબાઇલ એડિક્શન
- સાયબર બુલિંગ
- જંક ફૂડ - મેદસ્વિતા
- બાળ વર્તણૂકમાં ફેરફાર

મહિલા અને બાળ વિકાસ મંત્રાલય
ભારત સરકાર

Towards a new dawn
Ministry of Women and Child Development

મિશન વાત્સલ્ય

દરેક બાળક માટે સુરક્ષા, સંરક્ષણ અને સશક્તિકરણ

બાળકોના સંરક્ષણ, વિકાસ, પુનર્વસન અને કલ્યાણ માટે
સરકારી સેવાઓ અને સમુદાયની પહેલ



"સુરક્ષિત બાળક, સશક્ત બાળક, સમૃદ્ધ ભારત"

યોજનાના મુખ્ય ઉદ્દેશો

- જરૂરિયાતમંદ અને સંવેદનશીલ બાળકોને સંરક્ષણ પૂરું પાડવું
- અનાથ, ત્યજાયેલા, ગુમ થયેલા, શોષણ કે હિંસાના ભોગ બનેલા બાળકોના પુનર્વસન માટે વ્યવસ્થા કરવી
- બાળ અધિકારોના રક્ષણ અને પ્રોત્સાહન માટે સંસ્થાકીય તથા બિન-સંસ્થાકીય સેવાઓને મજબૂત બનાવવી
- બાળ ગૃહો, ખુલ્લા આશ્રય ગૃહો, દત્તક ગ્રહણ સેવાઓ તથા અન્ય બાળ સંરક્ષણ સંસ્થાઓને સહાય પૂરી પાડવી
- બાળલગ્ન, બાળમજૂરી, બાળ તસ્કરી અને બાળકો સામેના અત્યાચારોને રોકવા માટે સંકલિત પ્રયાસો કરવા

મુખ્ય ઘટકો

- બાળ કલ્યાણ સમિતિ (CWC)
- કિશોર ન્યાય બોર્ડ (JJB)
- બાળ સંભાળ સંસ્થાઓ (CCIs)
- સ્પોન્સરશિપ અને ફોસ્ટર કેર
- દત્તક ગ્રહણ સેવાઓ
- ચાઇલ્ડ હેલ્પલાઇન – ૧૦૯૮
- જિલ્લા બાળ સંરક્ષણ એકમ (DCPU)



અપેક્ષિત પરિણામો

- બાળકો માટે સુરક્ષિત અને બાળમૈત્રીપૂર્ણ વાતાવરણનું નિર્માણ
- જોખમગ્રસ્ત બાળકોનું અસરકારક સંરક્ષણ અને પુનર્વસન
- બાળ અધિકારો અંગે જાગૃતિ અને સંસ્થાઓની ક્ષમતામાં વધારો
- દરેક બાળકના સર્વાંગી વિકાસ અને શ્રેષ્ઠ હિતનું રક્ષણ



1098 CHILD HELPLINE 24X7

કોઈપણ બાળકને મદદની જરૂર હોય તો તુરંત સંપર્ક કરો

૧૦૯૮

૨૪×૭ મફત અને ગોપનીય સેવા

દરેક બાળક સુરક્ષિત, સંરક્ષિત અને સશક્ત બને – એ જ મિશન વાત્સલ્યનો ધ્યેય છે.

શિક્ષણનો અધિકાર | સુરક્ષાનો અધિકાર | સ્નેહ અને સંભાળ નોઅધિકાર | સ્વાસ્થ્યનો અધિકાર | ભાગીદારીનો અધિકાર

બાળકોનો હિત, રાષ્ટ્રનો ઉદ્ભવ



બાળઅધિકારો અંગેની સમસ્યાઓનાં મૂળભૂત કારણો

આર્થિક અને સામાજિક કારણો

- ગરીબી અને આર્થિક અસમાનતા
- આર્થિક તથા સામાજિક પરિસ્થિતિઓ
- શિક્ષણ અને રોજગારીની તકોનો અભાવ
- કુપોષણ અને પાયાની સુવિધાઓની અછત
- રોજગાર માટે સ્થળાંતર
- કુટુંબ નિયોજન અંગે જાગૃતિનો અભાવ

પારિવારિક કારણો

- માતા-પિતા વચ્ચેનું સંઘર્ષમય વાતાવરણ
- સંયુક્ત કુટુંબ વ્યવસ્થામાં ફેરફાર
- બાળકો પ્રત્યે જવાબદારીનો અભાવ
- પુનઃલગ્નને કારણે મુશ્કેલીઓ
- માતા-પિતાની રોજગારી/વ્યવસાયના કારણે બાળકોને એકલા રહેવાના સંજોગો

સામાજિક કારણો

- સામાજિક કુરીવાજો, હાનિકારક પ્રથા અને અંધશ્રદ્ધા
- બાળલગ્ન અને લિંગભેદ
- બાળ અધિકારો અંગે જાગૃતિનો અભાવ
- બાળ ઉછેર અને સંભાળ પ્રત્યે બેજવાબદાર વલણ

ટેક્નોલોજી અને ડિજિટલ પડકારો

- મોબાઇલ અને ઇન્ટરનેટનો અતિરેક ઉપયોગ
- સાયબર બુલિંગ અને ઓનલાઈન શોષણ
- ઉંમરને અનુરૂપ ન હોય તેવી અશ્લીલ સામગ્રીનો સંપર્ક
- ઓનલાઈન ગેમિંગ અને ડિજિટલ જોખમો
- બાળકોના માનસિક સ્વાસ્થ્ય પર પ્રતિકૂળ અસર

સમસ્યા અને સંજોગોનો ભોગ બનતાં બાળકો

- અનાથ બાળકો
- ત્યજી દેવાયેલા અને તરછોડાયેલાં બાળકો
- અનિચ્છિત ગર્ભાવસ્થાથી જન્મેલાં બાળકો
- ગુમ થયેલાં અને અપહરણનો ભોગ બનેલાં બાળકો
- બાળ તસ્કરીનો ભોગ બનતા બાળકો
- ભિક્ષાવૃત્તિનો ભોગ બનતા બાળકો
- બાળમજૂરીનો ભોગ બનતા બાળકો
- શારીરિક, માનસિક અને ભાવનાત્મક શોષણનો ભોગ બનતાં બાળકો
- POCSO નો ભોગ બનતાં બાળકો
- કાયદાના સંઘર્ષમાં આવેલાં બાળકો
- માતા-પિતાના ડિવોર્સને કારણે વિખૂટા પડતાં બાળકો
- પુનઃલગ્ન કરવાથી ભોગ બનનાર બાળકો
- સ્થળાંતરિત પરિવારોનાં બાળકો
- કુપોષણ અને શિક્ષણથી વંચિત બાળકો
- ઘરવિહોણાં અને સંભાળની જરૂરિયાત ધરાવતાં બાળકો
- સાયબર બુલિંગ અને ડિજિટલ જોખમોનો ભોગ બનતાં બાળકો

સમસ્યાનું સમાધાન

CALL 112 One Nation One Emergency Number

- શિક્ષણ
- જાગૃતિ અને સામાજિક ભાગીદારી
- આર્થિક વિકાસ
- કાયદાનું અસરકારક અમલીકરણ
- કુટુંબ સશક્તિકરણ
- તમામ હિતધારકોની સંયુક્ત જવાબદારી

બાળકોની સમસ્યાઓ માત્ર બાળકની નથી, તે પરિવાર, સમાજ અને વ્યવસ્થાની સંયુક્ત જવાબદારી છે.

બાળકોમાં કુપોષણ

કુપોષણ એટલે શું?

બાળકને તેની ઉંમર પ્રમાણે પૂરતો અને પોષણયુક્ત આહાર ન મળવાથી તેના વજન, ઊંચાઈ અને શારીરિક વિકાસ પર થતી ખરાબ અસરને કુપોષણ કહેવાય છે

રોજિંદા પૌષ્ટિક ખોરાક

- અનાજ અને કઠોળ
- વિવિધ પ્રકારની દાળ
- લીલાં પાંદડાવાળાં મોસમી શાકભાજી
- મોસમી ફળો
- દૂધ અને દૂધની વાનગીઓ
- સૂકો મેવો અને પોષક બીજ

દૈનિક ખોરાકમાં પ્રોટીનયુક્ત ખોરાક અને લીલા શાકભાજીનો સમાવેશ કરો

તમારા બાળકને મોટાં થવામાં મદદ કરો



સ્વચ્છ હાથ
ચોખ્ખું પાણી
અને સ્વચ્છ ખોરાક



ડોક્ટરની સલાહ
મુજબ રસીકરણ
કૃમિનાશક



વૃદ્ધિ ચાર્ટ પર
વજન અને
ઊંચાઈ ટ્રેક કરો



વૃદ્ધિ ધીમી પડે, ભૂખ ઓછી
લાગે અથવા બીમારી થાય
તો તબીબી સલાહ લેવી

સ્વાસ્થ્ય અને પોષણ ક્ષેત્રે (Health & Nutrition)

બાળકોમાં કુપોષણ (Malnutrition) ની સ્થિતિને માપવા અને વર્ગીકૃત કરવા માટે નીચેના મહત્વપૂર્ણ સંક્ષિપ્ત રૂપો છે.

SAM (Severe Acute Malnutrition - ગંભીર તીવ્ર કુપોષણ):

- આ કુપોષણનું સૌથી ગંભીર સ્વરૂપ છે.
- જે બાળકોનું વજન તેમની ઊંચાઈના પ્રમાણમાં ખૂબ જ ઓછું હોય (Severe Wasting) અથવા હાથના ઉપરના ભાગનો ઘેરાવો (MUAC) ખૂબ ઓછો તેમને SAM બાળકો ગણવામાં આવે છે.
- આવા બાળકોમાં રોગપ્રતિકારક શક્તિ નબળી હોવાથી જીવનું જોખમ વધારે રહે છે અને તેમને ત્વરિત તબીબી સારવારની જરૂર પડે છે.



MAM (Moderate Acute Malnutrition - મધ્યમ તીવ્ર કુપોષણ):

- આ SAM કરતાં ઓછું ગંભીર પરંતુ ચિંતાજનક સ્તર છે.
- જે બાળકોમાં મધ્યમ સ્તરનું વજન ઘટવું કે નબળાઈ જોવા મળે તેમને MAM કેટેગરીમાં મૂકવામાં આવે છે.
- જો સમયસર યોગ્ય પોષણ અને આહાર પૂરો પાડવામાં ન આવે, તો MAM ની સ્થિતિ ગંભીર એટલે કે SAM માં ફેરવાઈ શકે છે.



આંગણવાડીમાં ઉજવાતા મહત્વના દિવસો

બાળકનું પોષણ - માતાનું સ્વાસ્થ્ય - ઉજ્જવળ ભવિષ્ય

ક્રમ	દિવસનું નામ	મુખ્ય હેતુ
૧	મમતા દિવસ	સગર્ભા મહિલા અને બાળકોની આરોગ્ય તપાસ, રસીકરણ
૨	અન્નપ્રાશન દિવસ	૬ મહિના પૂર્ણ કરનાર બાળકને પૂરક આહારની શરૂઆત
૩	ગોદભરાઈ દિવસ	સગર્ભા મહિલાનું સન્માન અને પોષણ અંગે માર્ગદર્શન
૪	સુપોષણ દિવસ	કુપોષણ નિવારણ અને પોષણ અંગે જાગૃતિ
૫	પોષણ માસ	પોષણ અને સ્વાસ્થ્ય અંગે જાગૃતિ
૬	પોષણ પખવાડિયું	બાળકો અને મહિલાઓમાં પોષણ સુધારવા પ્રવૃત્તિઓ
૭	વજન અને વૃદ્ધિ નિરીક્ષણ દિવસ	બાળકોનું વજન અને ઊંચાઈ માપવી
૮	રસીકરણ દિવસ	બાળકો અને સગર્ભા મહિલાઓનું રસીકરણ
૯	સ્તનપાન જાગૃતિ દિવસ	માતાના દૂધનું મહત્વ સમજાવવું
૧૦	પૂરક આહાર જાગૃતિ દિવસ	બાળકોને યોગ્ય અને પૌષ્ટિક આહાર વિશે સમજ આપવી
૧૧	બાળ આરોગ્ય તપાસ દિવસ	બાળકોના આરોગ્યની તપાસ અને જરૂરી માર્ગદર્શન
૧૨	શાળા પ્રવેશોત્સવ	બાળકોને શિક્ષણ સાથે જોડવા પ્રોત્સાહિત કરવા

બાળવિકાસના તબક્કા

વિકાસના ચાર તબક્કા

જન્મ થી ૨ વર્ષ	૨ થી ૬ વર્ષ	૬ થી ૧૨ વર્ષ	૧૨ થી ૧૮ વર્ષ
			
શારીરિક વિકાસ ઝડપથી વિકાસ, માથું સ્થિર રાખવું, બેસવું, સરકવું, ઊભા થવું નાની મોટી કૌશલતા	**શારીરિક વિકાસ** દોડવું, કૂદવું, નાની મોટી કૌશલતા, વસ્તુઓ સાથે કામ કરવાની કુશળતા	**શારીરિક વિકાસ** શારીરિક વિકાસ સ્થિર ગતિએ રમતગમતમાં રસ માનસિક વિકાસ	**શારીરિક વિકાસ** ઝડપથી શારીરિક બદલાવ પ્રજનન સંબંધિત વિકાસ તંદુરસ્ત જીવનશૈલીનું મહત્ત્વ માનસિક વિકાસ
માનસિક વિકાસ ચહેરા ઓળખવા, અવાજો પ્રત્યે પ્રતિક્રિયા,વસ્તુઓ માટે જિજ્ઞાસા, ભાષાની શરૂઆત	**માનસિક વિકાસ** ભાષાકિય વિકાસ, કલ્પનાશક્તિમાં વધારો, રંગ- આકાર અને સંખ્યા ઓળખવી ,પ્રશ્નો પૂછવાની શરૂઆત	**માનસિક વિકાસ** તર્કશક્તિ વિકસવી, ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતા વિવિધ કુશળતાઓ શીખવી સમસ્યા ઉકેલવાની ક્ષમતા	**માનસિક વિકાસ** આત્મવિશ્વાસ અને સ્વતંત્ર વિચાર કારકિર્દીની દિશામાં વિચાર સ્વતંત્ર નિર્ણય લેવાની ક્ષમતા જિજ્ઞાસા અને નવી વિચારશક્તિ
ભાવનાત્મક વિકાસ સુરક્ષા , પ્રેમ, માતા-પિતા સાથે જોડાણ હસવું, રડવું અને લાગણીઓ વ્યક્ત કરવી	**ભાવનાત્મક વિકાસ** સ્વતંત્રતા ઇચ્છવી, લાગણીઓ સમજવાની શરૂઆત ખુશી અને દુઃખ વ્યક્ત કરવાં	**ભાવનાત્મક વિકાસ** આત્મવિશ્વાસ વધવો મિત્રો અને પરિવાર પ્રત્યે લાગણી, પોતાનાં મૂલ્યો સમજવા	**ભાવનાત્મક વિકાસ** લાગણીઓમાં ઉતાર-ચઢાવ આત્મસન્માનનો વિકાસ તાણ સાથે સામનો કરવાની ક્ષમતા
સામાજિક વિકાસ ચહેરા ઓળખવા અને પ્રતિક્રિયા આપવી,આસપાસના લોકો પ્રત્યે રસ અને લાગણી	**સામાજિક વિકાસ** મિત્રો બનાવવાની શરૂઆત, રમતમાં રસ નિયમો શીખવા	**સામાજિક વિકાસ** ટીમમાં કામ કરવાની ક્ષમતા નિયમોનું પાલન સહયોગની ભાવના	**સામાજિક વિકાસ** સામાજિક વિકાસ મિત્રતાનું મહત્ત્વ સમજવું જવાબદારીઓ સમજવી નેતૃત્વ અને સામાજિક ભાગીદારી

માતા-પિતાએ દરેક તબક્કે શું કરવું?

૦–૨ વર્ષ

પ્રેમ અને સુરક્ષા આપો,
વારંવાર વાત કરો, હસો અને ગીતો
ગાઓ, સ્વચ્છતા અને પોષણ આપો,
સ્ક્રીનથી દૂર રાખો

૨–૬ વર્ષ

પ્રશ્નોના જવાબ આપો,
રમતાં-રમતાં શીખવો,
પ્રોત્સાહિત કરો,
ભૂલ થાય તો પ્રેમથી સમજાવો

૬–૧૨ વર્ષ

સ્વતંત્રતા માટે તક આપો,
આત્મવિશ્વાસ વધારવામાં
મદદ કરો, સારા સંસ્કાર આપો

૧૨–૧૮ વર્ષ

સાંભળો અને મત વ્યક્ત
કરવાની તક આપો,
માર્ગદર્શન આપો,
સુરક્ષિત સાથ આપો

ક્યારે વિશેષ ધ્યાન આપવું?

- **બોલવામાં અથવા સમજવામાં મુશ્કેલી**
- **વર્તનમાં બદલાવ, અસામાન્ય ગુસ્સો અથવા ચિંતાની સ્થિતિ**
- **શાળામાં કે અભ્યાસમાં સતત મુશ્કેલી**
- **ઉદાસી, ભય, એકલાપણું, ઊંઘ કે ખાવાની સમસ્યા**
- **અભ્યાસ કે વર્તનમાં બદલાવ અથવા અગાઉ શીખેલ બાબતોમાં મુશ્કેલી**

વિકાસના તબક્કા બધા બાળકો માટે એકસરખા હોતા નથી, દરેક બાળકની પોતાની ગતિ, ક્ષમતા અને જરૂરિયાતો અલગ હોય છે

બાળકના સર્વાંગી વિકાસ માટે રોજની ૬ બાબતો








પોષણયુક્ત આહાર	પ્રેમ અને સંવાદ	રમત-ગમત જેવી શારીરિક પ્રવૃત્તિ	પૂરતી ઊંઘ	અભ્યાસ-કલામાં રૂચિ	સુરક્ષા અને ડિજિટલ સંતુલન

RTE

સમગ્ર શિક્ષા
Samagra Shiksha

Right of Children to Free and Compulsory Education Act, 2009

શિક્ષણ દરેક બાળકનો અધિકાર છે

RTE શું છે?

RIGHT OF CHILDREN TO FREE AND COMPULSORY EDUCATION ACT, 2009 અંતર્ગત 6 થી 14 વર્ષની ઉંમરના દરેક બાળકને નિઃશુલ્ક, ફરજિયાત અને ભેદભાવ વિહીન શિક્ષણ મેળવવાનો અધિકાર છે

RTE અંતર્ગત અધિકારો

- નિઃશુલ્ક શિક્ષણ
- નજીકની શાળામાં પ્રવેશ
- ગુણવત્તાયુક્ત શિક્ષણ
- સમાન ધોરણે શિક્ષણ

ખાનગી શાળાઓમાં 25% પ્રવેશ

RTE કાયદાની કલમ 12(1)(c) હેઠળ નિર્ધારિત કેટેગરીના બાળકો માટે ખાનગી શાળાઓમાં 25% બેઠકો

વંચિત વર્ગના બાળકોનું ગુણવત્તાયુક્ત શિક્ષણથી સશક્તિકરણ

વાલીઓની ભૂમિકા

- શાળામાં પ્રવેશ અને નિયમિત હાજરી સુનિશ્ચિત કરવી
- બાળકને અભ્યાસ માટે સતત પ્રોત્સાહિત કરવું
- બાળકના આનંદ માટે શાળાની પ્રવૃત્તિઓમાં ભાગ લેવો
- બાળકના શિક્ષણમાં મુશ્કેલી હોય તો શિક્ષક સાથે વાત કરવી
- બાળકના ભવિષ્ય માટે હંમેશા શિક્ષણને પ્રાથમિકતા આપવી
- દીકરી અને દીકરા બંનેને સમાન શિક્ષણની તક આપવી

બાળકને શાળામાં મોકલવું કેમ જરૂરી છે?

- શિક્ષણથી બાળકના ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ
- જ્ઞાન અને કૌશલ્ય વિકાસ
- આત્મવિશ્વાસ અને વ્યક્તિત્વનો વિકાસ
- ચારિત્ર્ય નિર્માણ
- અધિકારો, ફરજો અને નૈતિક જવાબદારીઓની સમજ
- સારા નાગરિકનું ઘડતર અને રાષ્ટ્રના વિકાસમાં યોગદાન

NIPUN BHARAT







બાળ લગ્ન

CHILD MARRIAGE

બાળ લગ્ન ગંભીર ગુનો છે

બાળ લગ્ન શું છે?

18 વર્ષથી ઓછી ઉંમરની કિશોરી અથવા 21 વર્ષથી ઓછી ઉંમરના કિશોરના લગ્નને બાળ લગ્ન કહેવાય

કાયદો શું કહે છે?

બાળ લગ્ન અટકાવવા માટે

બાળ લગ્ન પ્રતિબંધ અધિનિયમ, 2006

Prohibition of Child Marriage Act, 2006 અમલમાં છે

લગ્નની કાયદેસર ઉંમર

છોકરી — 18 વર્ષ પૂર્ણ

છોકરો — 21 વર્ષ પૂર્ણ

બાળ લગ્નની વિપરીત અસરો

- શિક્ષણમાં અવરોધ
- નાની ઉંમરે માતૃત્વનું જોખમ
- શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર વિપરીત અસર
- ઘરેલું હિંસા અને શોષણનું જોખમ
- બાળક પોતાના સપના અને કારકિર્દીથી વંચિત રહે છે
- આર્થિક અને સામાજિક સમસ્યાઓનો ભોગ

બાળ લગ્ન કરવું, કરાવવું, મદદ કરવી કે પ્રોત્સાહન આપવું —કાયદેસર ગુનો છે

2 વર્ષ સુધીની સખ્ત સજા તથા

₹1 લાખ સુધીના દંડ જોગવાઇ

બાળ લગ્ન અટકાવવામાં તમારી ભૂમિકા

- બાળ લગ્નને પ્રોત્સાહન આપશો નહીં
- બાળ લગ્નમાં પ્રત્યક્ષ કે પરોક્ષ ભાગીદાર બનશો નહીં
- પરિવાર અને સમાજમાં જાગૃતિ લાવશો
- બાળકને શિક્ષણથી વિમુખ ના કરશો
- બાળ લગ્નની માહિતી અંગે સંબંધિત અધિકારીઓને જાણ કરો
- લગ્ન પહેલાં ઉંમરનો પુરાવો અને કાયદેસર ઉંમર અંગે ખાતરી કરો



"બાળ લગ્ન, વહેલા લગ્ન અને બળજબરીથી થતા લગ્ન અટકાવીએ."

CALL 112 One Nation One Emergency Number

બાળ મજૂરી

CHILD LABOUR

બાળ મજૂરી મુક્ત સમાજ તરફ એક પગલું

બાળ મજૂરી શું છે?

બાળકને તેની ઉંમર અને કાયદાની જોગવાઈઓ વિરુદ્ધ કોઈપણ કામ કે રોજગારમાં જોડવું અથવા કામ કરવાની મંજૂરી આપવી તેને બાળ મજૂરી કહેવાય છે

બાળ અને કિશોર શ્રમ (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ, 2016ની જોગવાઈ મુજબ :

ભારતમાં 14 વર્ષથી ઓછી ઉંમરના બાળકને કોઈપણ વ્યવસાય અથવા પ્રક્રિયામાં કામે રાખવા પર સંપૂર્ણ પ્રતિબંધ છે

14 થી 18 વર્ષની ઉંમરના કિશોરોને જોખમી વ્યવસાય / પ્રક્રિયામાં કામે રાખવા પર પ્રતિબંધ છે

કાયદાનો ભંગ કરનારને **6 મહિનાથી 2 વર્ષ** સુધીની જેલ, **₹20,000 થી ₹50,000** સુધીનો દંડ અથવા બંને સજા

બાળ મજૂરીના કારણે થતાં નુકશાન

- બાળકના શિક્ષણમાં અવરોધ
- શારીરિક અને માનસિક શોષણ
- આરોગ્ય સંબંધિત જોખમ
- શારીરિક અને માનસિક વિકાસ પર વિપરીત અસર
- આર્થિક સમસ્યાના વિષચક્રનો ભોગ
- બાળક : બાળપણ અને સર્વાંગી વિકાસથી વંચિત રહે છે

બાળ મજૂરી ક્યાં જોવા મળે છે?

રેસ્ટોરન્ટ, હોટલ, ઢાબા, દુકાનો, વર્કશોપ, નાના વ્યવસાયો, કારખાના , ઘરેલુ કામ,બાંધકામ સાઈટો, ખેતીકામ, અન્ય કામના સ્થળો

બાળ મજૂરી કરતાં બાળકો જોવા મળે તો નીચેના નંબર પર સંપર્ક કરો

શ્રમિક સહાયક હેલ્પલાઇન

155372

CALL 112
One Nation One Emergency Number

આપણે શું કરી શકીએ?

- બાળકને કામે ન રાખીએ
- બાળ મજૂરી કરાવતા વ્યવસાયને પ્રોત્સાહન ન આપીએ
- બાળકને શાળામાં જવા માટે પ્રોત્સાહિત કરીએ
- બાળકો સાથે સન્માનપૂર્વક અને સંવેદનશીલ વર્તન કરીએ
- સમાજમાં બાળ મજૂરી વિરુદ્ધ જાગૃતિ ફેલાવીએ
- બાળ મજૂરીની ઘટના જોવા મળે તો સંબંધિત સત્તાધિકારીઓને જાણ કરીએ



બાળ જાતીય શોષણ

CHILD SEXUAL ABUSE

બાળકને સમજાવો કે શોષણ માટે બાળક ક્યારેય જવાબદાર નથી

બાળ જાતીય શોષણ શું છે?

બાળક સાથે જાતીય હેતુથી કરવામાં આવતો કોઈપણ અયોગ્ય સ્પર્શ, વર્તન, વાતચીત, પ્રદર્શન અથવા શોષણ બાળ જાતીય શોષણ કહેવાય

બાળક સાથે કોઈપણ પ્રકારનું જાતીય શોષણ તેના માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય તેમજ ભવિષ્ય પર ગંભીર અસર કરે છે

બાળ જાતીય શોષણના સંકેતો :

- અયોગ્ય અથવા જાતીય હેતુથી સ્પર્શ કરવો
- બાળકને જાતીય હેતુથી ચુંબન, અયોગ્ય શારીરિક ચેષ્ટા કરવી
- બાળકને અશ્લીલ ફોટા/વિડિયો બતાવવા
- બાળકના અશ્લીલ ફોટા કે વીડિયો બનાવવો અથવા ફેલાવવો
- ઓનલાઈન જાતીય હેતુથી વાતચીત અથવા સંપર્ક કરવો
- જાતીય ટિપ્પણી, ઈશારા અથવા સતામણી કરવી

માતા-પિતા અને વડીલોની ભૂમિકા

- બાળકની વાત પર વિશ્વાસ કરો
- બાળકની વાત શાંતિથી સાંભળો
- બાળકને દોષ ન આપો
- બાળક સામે ગુસ્સો કે ગભરાટ વ્યક્ત ન કરો
- બાળકની સુરક્ષાને પ્રાથમિકતા આપો
- વારંવાર પૂછપરછ કરીને બાળકને તણાવમાં ન મૂકો
- યોગ્ય સત્તાધિકારીને જાણ કરો
- બાળકની ઓળખ છતી ન થાય તેની કાળજી રાખો

શિક્ષકોની ભૂમિકા

“મારું શરીર — મારી સુરક્ષા”

બાળકને સમજાવો	GOOD TOUCH	BAD TOUCH
કોઈ વ્યક્તિ તમને અસ્વસ્થ લાગે તે રીતે સ્પર્શ કરે તો તુરંત દૂર ખસી જાઓ		
અસ્વસ્થતા થાય તો ત્યાંથી દૂર જાઓ		
વિશ્વાસુ માતા-પિતા, વિશ્વાસુ શિક્ષક અથવા વડીલને તુરંત જાણ કરો		
કોઈ ધમકી આપે કે “કોઈને કહીશ નહીં” કહે તો પણ વાત છુપાવશો નહીં		
અજાણ્યા વ્યક્તિ સાથે બાળકની વ્યક્તિગત માહિતી અથવા ફોટા / વિડીયો શેર ન કરો		

બાળ જાતીય શોષણ સામે ચૂપ ન રહો

CALL 112
One Nation One Emergency Number

બાળકોના જાતીય શોષણ સામે POCSO કાયદા હેઠળ સખત કાર્યવાહી કરવામાં આવે છે

POCSO

PROTECTION OF CHILDREN FROM SEXUAL OFFENCE

જાતીય શોષણની શંકા હોય તો ચૂપ ન રહો

POCSO શું છે?

Protection of Children from Sexual Offences Act - 2012

બાળકોને જાતીય ગુનાઓથી સુરક્ષિત કરે છે

જાતીય હુમલા , ગંભીર જાતીય હુમલા , જાતીય સતામણી , પોર્નોગ્રાફી સંબંધિત ગુનાઓ માટે કાનૂની સુરક્ષા અને કાર્યવાહીનું માળખું આપે છે. કાયદા હેઠળ આવા કેસોની સુનવણી માટે વિશેષ અદાલતો (Special Courts)ની પણ જોગવાઈ છે

POCSO કાયદાનો મુખ્ય હેતુ

- બાળકોને જાતીય શોષણ અને દુર્વ્યવહારથી સુરક્ષિત રાખવા
- બાળકની સલામતી, ગોપનીયતા અને ગૌરવનું રક્ષણ કરવું
- બાળકને અનુકૂળ રીતે કેસની તપાસ અને ન્યાયિક પ્રક્રિયા હાથ ધરવી
- જાતીય ગુનાઓ માટે કાયદેસરની કાર્યવાહી અને સજા સુનિશ્ચિત કરવી

POCSO હેઠળ રિપોર્ટિંગ

POCSO કાયદાની કલમ 19 હેઠળ ગુનાની જાણ કરવાની જોગવાઈ

કલમ 21 હેઠળ રિપોર્ટ ન કરવા અંગે દંડની જોગવાઈ

બાળકને સુરક્ષિત રાખવા માટે

CALL 112
One Nation One Emergency Number

સારો સ્પર્શ (GOOD TOUCH)
જેમાં બાળક સુરક્ષિત, આરામદાયક અને સન્માનિત અનુભવે

- માતા-પિતા, દાદા-દાદીનું પ્રેમાળ આલિંગન
- બાળકને સલામતી અને સુરક્ષાનો અહેસાસ થાય તેવો સ્પર્શ
- બાળકને સાંત્વના આપતો સ્પર્શ
- બાળકની સંમતિ અને આરામનું ધ્યાન રાખતો સ્નેહપૂર્ણ સ્પર્શ

અસુરક્ષિત સ્પર્શ (BAD TOUCH)
જેમાં બાળકને ડર, શરમ, અસ્વસ્થતા કે અણગમો અનુભવાય

- બાળકની ખાનગી જગ્યાઓને અયોગ્ય રીતે સ્પર્શ કરવો
- બાળકને કોઈની ખાનગી જગ્યાઓ સ્પર્શ કરવા કહેવું
- બાળકને સ્પર્શ વિશે "કોઈને કહેવું નહીં" એવું કહેવું
- બાળકની ના અથવા અસ્વસ્થતા છતાં સ્પર્શ કરવાનો પ્રયાસ કરવો

મહત્તમ સજા **૨૦ વર્ષ** થી લઈને **આજીવન કેદ** અથવા **મૃત્યુદંડ** સુધીની સજા



બાળ તસ્કરી

CHILD TRAFFICKING

સુરક્ષિત બાળપણનો અધિકાર

બાળ તસ્કરી શું છે?

બાળકને છેતરપિંડી, ધમકી, દબાણ, લાલચ અથવા અન્ય કોઈ રીતે એક સ્થળેથી બીજા સ્થળે લઈ જઈ તેનું શોષણ, ગેરકાયદેસર કામ, ભીખ મંગાવવી, જાતીય શોષણ અથવા અન્ય હેતુ માટે ઉપયોગ કરવો અથવા તેના પર નિયંત્રણ રાખવું વગેરે બાળ તસ્કરીનો ભાગ છે

બાળ તસ્કરીના સંકેતો

- બાળક ડરેલું અથવા અસ્વસ્થ દેખાય
- પોતાની ઓળખ અથવા સરનામું જણાવી ન શકે
- તેની સાથે રહેલી વ્યક્તિ તેના માટે જવાબ આપે
- બાળક શાળાએ જતું ન હોય
- બાળક લાંબા કલાકો સુધી કામ કરતું હોય
- બાળકને પરિવારથી અલગ રાખવામાં આવ્યું હોય

બાળકને શું શીખવવું?

- અજાણ્યા વ્યક્તિ સાથે ક્યાંય જવું નહીં
- કોઈ વ્યક્તિ લાલચ આપે તો સ્વીકારવી નહીં
- પોતાની વ્યક્તિગત માહિતી અજાણ્યા વ્યક્તિને આપવી નહીં
- કોઈ ધમકી આપે તો ચૂપ ન રહેવું
- વારંવાર લાલચ આપનાર વ્યક્તિની માહિતી માતા-પિતા, શિક્ષક અથવા વિશ્વાસુ વડીલને જાણ કરવી

અજાણ્યા વ્યક્તિના નોકરી, પૈસા, ગિફ્ટ, લાલચ અથવા મુસાફરીના વચન પર તરત વિશ્વાસ ન કરો

CALL 112
One Nation One Emergency Number

બાળ તસ્કરીથી થતા નુકસાન

બાળકના શિક્ષણ, આરોગ્ય, સુરક્ષા, શારીરિક, માનસિક વિકાસ, આત્મસન્માન તથા ભવિષ્ય પર ગંભીર અસર કરી શકે છે



આપણે શું કરી શકીએ?

- બાળકોને અજાણ્યા વ્યક્તિ સાથે એકલા ન મોકલો
- બાળક અચાનક ગુમ થાય તો તરત જાણ કરો
- બાળકને દોષ ન આપો
- શંકા હોય તો સંબંધિત સત્તાધિકારીઓને જાણ કરો
- શંકાસ્પદ પરિસ્થિતિમાં બાળક સાથે સુરક્ષિત અને સંવેદનશીલ રીતે વાત કરો



તમારી સતર્કતા એક બાળકનું જીવન બચાવી શકે છે.

જંક ફૂડ

JUNK FOOD

બાળકોના સ્વાસ્થ્ય માટે પૌષ્ટિક આહાર જરૂરી છે

જંક ફૂડ શું છે?

જંક ફૂડ એટલે એવા ખાદ્યપદાર્થો જેમાં સામાન્ય રીતે વધુ મીઠું, ખાંડ, ચરબી અને કેલરી હોય છે, પરંતુ જરૂરી પોષક તત્ત્વોનું પ્રમાણ ઓછું હોઈ શકે છે. આવા ખોરાકનું વારંવાર અથવા વધુ પ્રમાણમાં સેવન સ્વાસ્થ્ય માટે હાનિકારક છે

જંક ફૂડ ખાવાથી શું થઈ શકે?

- વજન વધવાની શક્યતા- મેદસ્વિતા
- દાંતમાં સડો
- વધુ ખાંડ અને મીઠાના સેવનનું જોખમ
- પૌષ્ટિક ખોરાક માટે ભૂખ ઓછી થવી
- સંતુલિત આહારની આદતોમાં ઘટાડો
- લાંબા ગાળે સ્વાસ્થ્ય પર નકારાત્મક અસર

બાળકો માટે શું શ્રેષ્ઠ છે?

- સંતુલિત પોષક આહાર અને પ્રોટીન
- લીલા અને રંગબેરંગી શાકભાજી
- દૂધ -દહીં જેવા પૌષ્ટિક વિકલ્પો
- તાજા સિઝનલ ફળો
- ચોખ્ખું પીવાનું પાણી

જંક ફૂડની ટેવ કેવી રીતે ઓછી કરવી ?

- પેકેટવાળા નાસ્તાની જગ્યાએ ફળ આપો
- સોફ્ટ ડ્રિંકની જગ્યાએ પાણી અથવા પૌષ્ટિક પીણાં પસંદ કરો
- ઘરે બનાવેલો નાસ્તો પસંદ કરો
- ખોરાકનું લેબલ વાંચવાની ટેવ પાડો
- વધુ ખાંડ, મીઠું અને ફેટ વાળા ખોરાકને મર્યાદિત કરો
- બાળકોને નાની ઉંમરથી પૌષ્ટિક આહારની ટેવ પાડો
- ટીવી અથવા મોબાઇલ જોતા-જોતા ખાવાની ટેવ ટાળો

માતા-પિતાની ભૂમિકા

બાળકો જે જુએ છે, તે જ શીખે છે.
માતા-પિતા પોતે પણ સંતુલિત આહાર પસંદ કરે અને બાળકોને યોગ્ય ખોરાકના વિકલ્પો આપે.



બાળપણથી જ સ્વસ્થ જીવનશૈલી અપનાવો, ભવિષ્યને સ્વસ્થ બનાવો

મેદસ્વિતા

OBESITY

સ્વસ્થ જીવન અપનાવો, મેદસ્વિતાને દૂર ભગાડો

મેદસ્વિતા શું છે?

જ્યારે શરીરમાં વધારાની ચરબીનું પ્રમાણ સ્વાસ્થ્ય માટે જોખમ ઊભું કરે ત્યારે તેને મેદસ્વિતા કહેવાય છે
બાળકોમાં માત્ર વજન જોઈને મેદસ્વિતા નક્કી કરી શકાતી નથી
ઉંમર અને લિંગ પ્રમાણે BMI-for-age જેવા માપદંડોનો ઉપયોગ કરવામાં આવે છે

મેદસ્વિતાના મુખ્ય કારણો

- વધુ જંક ફૂડ અને પ્રોસેસ્ડ ફૂડ
- વધુ ખાંડવાળા પીણાં
- વધુ કેલરીવાળો ખોરાક
- લાંબો સ્ક્રીન ટાઈમ
- શારીરિક પ્રવૃત્તિનો અભાવ
- અનિયમિત અથવા અપૂરતી ઊંઘ
- અનિયમિત ખાવાની ટેવો

મેદસ્વિતાથી શું અસર થઈ શકે?

- શરીરની તંદુરસ્તી અને દૈનિક પ્રવૃત્તિઓ પર અસર
- આત્મવિશ્વાસ અને માનસિક સુખાકારી પર અસર
- ટાઈપ-2 ડાયાબિટીસનું જોખમ વધવું
- હૃદય અને રક્તવાહિની સંબંધિત સમસ્યાઓનું જોખમ
- ઊંઘ સંબંધિત સમસ્યાઓ
- હાડકાં અને સાંધા પર વધારાનો ભાર

માતા-પિતાની ભૂમિકા

- ઘરે પૌષ્ટિક ખોરાક ઉપલબ્ધ કરાવો
- જંક ફૂડ અને ખાંડવાળા પીણાં મર્યાદિત કરો
- પરિવાર સાથે સક્રિય પ્રવૃત્તિ કરો
- બાળકને રમતગમત માટે પ્રોત્સાહિત કરો
- પૂરતી ઊંઘ અને નિયમિત દિનચર્યા રાખવામાં મદદ કરો
- બાળકના વજનને લઈને તેને શરમ અનુભવ ન કરાવો

મેદસ્વિતા અટકાવવા માટે

- રોજિંદા આહારમાં પૌષ્ટિક ખોરાકનો સમાવેશ કરો
- યોગ્ય શારીરિક પ્રવૃત્તિ-રમતગમત દ્વારા સક્રિય રહો
- પૂરતા પ્રમાણમાં પાણી પીવાની ટેવ
- લાંબા સમય સુધી સતત બેસવાનું ટાળો
- સ્ક્રીન ટાઈમ ઘટાડો
- નિયમિત અને પૂરતી ઉંઘ લેવી

મેદસ્વિતા માટે આહાર, શારીરિક પ્રવૃત્તિ, ઊંઘ, પર્યાવરણ અને અન્ય પરિબળો કારણભૂત છે.





મોબાઈલ એડિક્શન

MOBILE ADDICTION

મોબાઈલથી નહીં, જીવનથી જોડાઓ

મોબાઈલનું વ્યસન શું છે?

જ્યારે બાળક મોબાઈલ અથવા અન્ય સ્ક્રીનનો વધુ-પડતો ઉપયોગ કરે ત્યારે માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય માટે ચિંતાનો વિષય બની શકે છે

મોબાઈલના વધુ વપરાશના સંકેતો

- મોબાઈલ દૂર કરતા ચીડિયાપણું અથવા ગુસ્સો
- અભ્યાસમાં ધ્યાન ઓછું થવું
- રમતગમત અને શારીરિક પ્રવૃત્તિમાં ઘટાડો
- પરિવાર સાથે વાતચીતમાં ઘટાડો
- જમતી વખતે પણ મોબાઇલનો આગ્રહ
- મોબાઈલ ન મળે ત્યારે બેચેની અનુભવવી

મોબાઈલનો ઉપયોગ કેવી રીતે નિયંત્રિત કરશો ?

- બાળક માટે સ્ક્રીન-ટાઈમ નિયમ બનાવો
- સૂતા પહેલા સ્ક્રીનનો ઉપયોગ ટાળો
- જમતી વખતે મોબાઈલ દૂર રાખો
- અભ્યાસ દરમિયાન મોબાઈલને દૂર રાખો
- રમતગમત અને શારીરિક પ્રવૃત્તિ માટે સમય આપો
- પરિવાર સાથે વાતચીત અને રમતો માટે સમય ફાળવો
- મોબાઈલના બદલે સર્જનાત્મક પ્રવૃત્તિ ને પ્રોત્સાહિત કરો

માતા-પિતાની ભૂમિકા

- માતા-પિતા પોતે પણ સ્ક્રીન ટાઈમ નિયંત્રિત કરે
- પરિવાર સાથે બહારની પ્રવૃત્તિ કરો
- વાંચન અને સર્જનાત્મક પ્રવૃત્તિને પ્રોત્સાહન આપો
- બાળકો સાથે મળીને સ્ક્રીનટાઈમ ના નિયમો નક્કી કરો
- બાળક મોબાઇલ કેમ વાપરે છે તે સમજવાનો પ્રયાસ કરો

બાળકને "મોબાઈલ બંધ કર" કહેવા કરતાં બાળકની હાજરીમાં માતા-પિતા અને પરિવારના અન્ય સભ્યોએ પણ મોબાઈલનો ઉપયોગ ટાળવો જોઈએ.

CALL 112
One Nation One Emergency Number





"Screen Time" ને "Life Time" થી સંતુલિત કરો.

સાયબર બુલિંગ

CYBER BULLYING

ઓનલાઈન પણ સન્માન જરૂરી છે

સાયબર બુલિંગ શું છે?

મોબાઇલ, સોશિયલ મીડિયા, ગેમિંગ પ્લેટફોર્મ અથવા અન્ય ડિજિટલ માધ્યમ દ્વારા કોઈ બાળકને અથવા વ્યક્તિને વારંવાર હેરાનકરવી, ધમકાવવી, અપમાનિત કરવી અથવા નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરવો તેને સાયબર બુલિંગ કહેવાય છે

સાઇબર બુલિંગના ઉદાહરણો

- અપમાનજનક મેસેજ મોકલવા
- સોશિયલ મીડિયા પર અપમાનજનક ટિપ્પણી કરવી
- કોઈનો ફોટો પરવાનગી વિના શેર કરીને મજાક ઉડાવવી
- ખોટી પ્રોફાઇલ બનાવી કોઈને બદનામ કરવું
- વ્યક્તિગત માહિતી અથવા ફોટા ફેલાવવાની ધમકી આપવી
- ઓનલાઈન ગેમિંગ દરમિયાન સતત ગાળો કે ધમકી આપવી

સાયબર બુલિંગના સંકેતો

- બાળક મોબાઇલ જોતાં અથવા મેસેજ આવતાં ગભરાઈ જાય
- અચાનક સોશિયલ મીડિયા વાપરવાનું બંધ કરી દે
- શાળાએ જવામાં અનિચ્છા બતાવવી
- ચીડિયાપણું અને ઉદાસીનતા વધવી
- ઊંઘ અથવા ખાવાની ટેવમાં ફેરફાર, મિત્રો અને પરિવારથી દૂર રહેવું
- પોતાના વિશે નકારાત્મક વાતો કરવી, આત્મવિશ્વાસમાં ઘટાડો

સાયબર બુલિંગ થાય તો ચૂપ ન રહો — મદદ મેળવો

- બુલિંગ કરનારને ઉશ્કેરણીજનક જવાબ ન આપો અને શક્ય હોય તો તેને Block કરો
- મેસેજ, પોસ્ટ, પ્રોફાઇલ અથવા અન્ય પુરાવાના સ્ક્રીનશોટ સાચવી રાખો
- સંબંધિત સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર Report કરો
- આ બાબત વિશે માતા-પિતા, શિક્ષક અથવા વિશ્વાસુ વડીલને જણાવો
- જો ગંભીર ધમકી અથવા શોષણ હોય તો યોગ્ય સત્તાધિકારીને જાણ કરો

માતા-પિતાની ભૂમિકા

- બાળકને દોષ ન આપો તેની વાત શાંતિથી સાંભળો
- બાળકનો વિશ્વાસ જાળવો
- ઓનલાઈન પ્રવૃત્તિ અંગે ખુલ્લી ચર્ચા કરો
- પ્રાઇવસી અને સેફ્ટી સેટિંગ્સ સમજાવો
- પુરાવા સાચવવામાં મદદ કરો

વર્તનમાં અચાનક ફેરફાર દેખાય તો બાળક સાથે શાંતિથી વાત કરો, બાળકને સહારો આપો

સાયબર બુલિંગ થાય તો ડરશો નહીં, હેલ્પલાઈન પર ફોન કરી મદદ માંગો

CALL 112
One Nation One Emergency Number



કોઈપણ પ્રકારના સાઈબર ક્રાઈમ માટે ૧૯૩૦ પર ફોન કરીને ફરિયાદ કરી શકાય છે.

બાળકોમાં ડિપ્રેશન

DEPRESSION IN CHILDREN

બાળકના બદલાયેલા વર્તનને અવગણશો નહીં

ડિપ્રેશન શું છે?

ડિપ્રેશન એક માનસિક સ્વાસ્થ્ય સ્થિતિ છે, જેમાં બાળક લાંબા સમય સુધી ઉદાસ, નિરાશ અથવા નિરસ રહે છે. તેની અસર બાળકના વર્તન, અભ્યાસ, ઊંઘ, ખોરાક અને સામાજિક જીવન પર થઈ શકે છે

બાળકોમાં ડિપ્રેશન થવાના સંભવિત કારણો

- ઘરેલું તણાવ, ઘરકાંકશ
- માતા-પિતાથી દૂરી, પારિવારિક સમસ્યા
- પરીક્ષાનું વધુ પડતું ટેન્શન
- બુલિંગ, સાયબરબુલિંગ અથવા મિત્રો દ્વારા હેરાનગતિ
- પરિવારની પ્રિય વ્યક્તિથી વિયોગ
- સોશિયલ મીડિયા અને ઓનલાઈન દબાણ
- શારીરિક, માનસિક અથવા જાતીય શોષણ

બાળકોમાં ડિપ્રેશનના લક્ષણો

- સતત ઉદાસ કે નિરાશ રહેવું
- ગમતી પ્રવૃત્તિઓમાં રસ ઓછો થવો
- વારંવાર ચીડિયાપણું કે ગુસ્સો આવવો
- ઊંઘમાં અને ભૂખમાં વધારો કે ઘટાડો થવો
- અભ્યાસમાં ધ્યાન ન લાગવું
- મિત્રો અને પરિવારથી દૂર રહેવું
- પોતાને નકામા કે દોષિત માનવા જેવી વાતો કરવી

માતા-પિતાની ભૂમિકા

- બાળકમાં આત્મવિશ્વાસ કેળવો
- બાળકને સાંભળો, સમજો,વિશ્વાસ અને સાથ આપો
- બાળક સાથે નિખાલસપૂર્વક વર્તો, ચર્ચા કરો
- બાળકની સમસ્યાને નજરઅંદાજ ન કરો
- બાળકની નાની સફળતાઓને પણ પ્રોત્સાહન આપો

શાળામાં શિક્ષકોની ભૂમિકા

- બાળકની વાત ધ્યાનથી અને સહાનુભૂતિપૂર્વક સાંભળવી
- બાળકને પ્રેમાળ અને સુરક્ષિત વાતાવરણ આપવું
- અન્ય બાળકો દ્વારા થતાં બુલિંગ, મજાક અને હેરાનગતિ અટકાવવી
- બાળકને પ્રોત્સાહન આપવું અને આત્મવિશ્વાસ વધારવો
- પરીક્ષા કે પરિણામ માટે અતિશય દબાણ ન કરવું
- જરૂર જણાય ત્યારે માતા-પિતાને જાણ કરવી



CALL 112
One Nation One Emergency Number

બાળકને ઠપકો નહીં,
સમજ અને સાથ આપો
સુખી મન - સ્વસ્થ બાળપણ
ઉજ્જવળ ભવિષ્ય

બાળ આત્મહત્યા નિવારણ

CHILD SUICIDE PREVENTION

નિરાશા નહીં, આશાનો સાથ

બાળ આત્મહત્યા શું છે?

જ્યારે કોઈ બાળક ખૂબ જ દુઃખી, નિરાશ, એકલું અથવા મુશ્કેલીમાં હોય ત્યારે તે પોતાને નુકસાન પહોંચાડવા અથવા આત્મહત્યાના વિચારો કરી શકે છે. આવા વિચારો કે સંકેતોને ક્યારેય અવગણવા નહીં.

બાળ આત્મહત્યાના સંભવિત કારણો

- સતત અભ્યાસનું દબાણ અને નાપાસ થવાનો ભય
- પારિવારિક કલેશ
- એકલતા અને સામાજિક દૂરી
- બુલિંગ અથવા સાયબરબુલિંગ
- શારીરિક, માનસિક અથવા જાતીય શોષણ
- નિષ્ફળતા અથવા અપેક્ષાઓનું દબાણ
- પ્રિય વ્યક્તિને ગુમાવવાનું દુઃખ ,અન્ય માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ

ચેતવણીના સંકેતો

- સતત ઉદાસ અથવા નિરાશ રહેવું
- મિત્રો અને પરિવારથી દૂર રહેવું
- ગમતી પ્રવૃત્તિઓમાં રસ ગુમાવવો
- વર્તનમાં અચાનક ફેરફાર
- વારંવાર “હું નકામો છું” જેવી વાતો કરવી
- ઊંઘ અને ખાવાની ટેવમાં મોટો ફેરફાર
- જીવનથી કંટાળાની વાત કરવી

માતા-પિતા અને શિક્ષકો શું કરી શકે?

- બાળકની વાત ધ્યાનથી અને શાંતિથી સાંભળો
- તેની લાગણીઓને નાની ન ગણો
- ઠપકો, તુલના અથવા દોષારોપણ ટાળો
- બાળકને એકલું ન છોડો જો તે ગંભીર રીતે નિરાશ જણાય
- પરિવાર, શિક્ષક અને વિશ્વાસુ વ્યક્તિનો સહકાર લો
- જરૂર જણાય ત્યારે માનસિક સ્વાસ્થ્ય નિષ્ણાતની મદદ લો

CALL 112
One Nation One Emergency Number

બાળકને એકલા ન મૂકો અને તાત્કાલિક પરિવાર, મિત્રો વિશ્વાસુ વડીલ, પડોશી અથવા વ્યાવસાયિક મદદ મેળવો.

“સમયસર મળેલો સહકાર જીવન બચાવી શકે છે”



બાળ અધિકારો સંબંધિત હિતધારકો





મારી યોજના
મારી બધી યોજનાઓ, એક જ પોર્ટલ પર

મારી યોજના પોર્ટલ

બાળકો / વિધાર્થીઓ માટે સરકારની યોજનાઓ

https://mariyojana.gujarat.gov.in/

રાજ્યના પ્રત્યેક નાગરિકને
'સરકારી યોજનાઓના લાભ' સત્વરે
પૂરા પાડવા એ જ અમારી 'પ્રાથમિકતા' છે.
- માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ



દત્તક પ્રક્રિયા અને પ્રોત્સાહન માટે

કેન્દ્રીય દત્તક સંસાધન સત્તામંડળ (CARA) અને રાજ્ય દત્તક સંસાધન એજન્સી (SARA)

https://carings.wcd.gov.in/

કાનુની મફત સહાય માટે વ્યવસ્થાતંત્ર

જિલ્લા કક્ષા

District Legal Services Authority (DLSA)

રાજ્ય કક્ષા

Gujarat State Legal Services Authority (GSALSA)

https://legal.gujarat.gov.in/Pages/Contents/Gujarat-State-Legal-Services-Authority

રાષ્ટ્રીય કક્ષા

National Legal Services Authority (NALSA)

https://nalsa.gov.in/

બાળમિત્ર અને બાળ મિત્ર ગામ

Child Friendly Village

દરેક બાળકનો અધિકાર, દરેક ગામની જવાબદારી

બાળ સુરક્ષિત ગામ – બાળ અધિકારયુક્ત ગામ – વિકસિત ભારતનું સ્વપ્ન.

બાળકોનું સુરક્ષિત, સ્વસ્થ, શિક્ષિત અને સન્માનપૂર્ણ વાતાવરણમાં બાળપણ સુનિશ્ચિત કરવું એ સમગ્ર સમાજની સામૂહિક જવાબદારી છે. બાળમિત્ર ગામ એવી પરિકલ્પના છે, જ્યાં દરેક બાળકના અધિકારોનું રક્ષણ, પ્રત્યેક બાળક શિક્ષિત, સ્વસ્થ, કુપોષણ મુક્ત, શોષણ મુક્ત તેમજ બાળમજૂરી અને બાળ લગ્ન, બાળ ભિક્ષાવૃત્તિ જેવી સામાજિક સમસ્યાઓથી મુકત હોય તેવું Child Friendly વાતાવરણનું નિર્માણ.

બાળમિત્ર ગામનાં મુખ્ય લક્ષ્યોઃ

- **શિક્ષણ:** દરેક બાળકને શાળામાં પ્રવેશ, નિયમિત હાજરી અને શિક્ષણમાં સતત જોડાણ સુનિશ્ચિત કરવું.
- **સુરક્ષા:** બાળમજૂરી, બાળલગ્ન, શારીરિક તેમજ માનસિક શોષણ મુક્ત ગામ, બાળ સુરક્ષા માટે જાગૃત ગામ.
- **આરોગ્ય અને પોષણ:** બાળકોના આરોગ્ય, પોષણ, સ્વચ્છતા અને સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવું.
- **સમાનતા અને સહભાગિતા:** દીકરીઓ, દિવ્યાંગ બાળકો અને વંચિત વર્ગનાં બાળકોને સમાન તક અને સન્માન...
- **બાળ અધિકાર જાગૃતિ:** બાળકો, માતા-પિતા, વાલીઓ અને ગ્રામજનોમાં બાળ અધિકારો અંગે સંવેદનશીલતા, સમજ વિકસાવવી.
- **સામૂહિક જવાબદારી:** ગ્રામ પંચાયત, શાળા, આંગણવાડી, આશા કાર્યકર, વાલીઓ, સામાજિક સંસ્થાઓ, NGO, યુવાનો અને સમુદાય વચ્ચે બાળ અધિકારો અંગે જાગૃતિ જવાબદારી અને સંકલન વધારવું.

બાળમિત્રઃ

૧. સેવાભાવી, બાળકોના અધિકારો પ્રત્યે જાગૃત, સંવેદનશીલ યુવા સ્વયંસેવક

૨. બાળમિત્રો-સ્વયંસેવકો જે બાળકોના અધિકારો માટે કામ કરે, સ્વચ્છતા-પર્યાવરણ, વ્યસનમુક્તિ, ચારિત્ર્ય નિર્માણ જેવી પ્રવૃત્તિઓ માટે માનદ સેવા આપે.

૩. ગ્રામસભા અને બાળ સુરક્ષા સમિતી-VCPCમાં બાળકોના હિત અધિકારોનું પ્રતિનિધિત્વ કરે.

૪. જરૂરિયાતમંદ બાળકોને શિક્ષણ, સુરક્ષા, સ્વાસ્થય અંગે માર્ગદર્શન અને મદદ કરે.

૫. બાળલગ્ન અને બાળમજૂરી સામે જાગૃતિ, બાળકોનું શોષણ જેવી સમસ્યાઓ અને જોખમ કે અધિકારભંગ જણાય ત્યારે સંબંધિત સક્ષમ અધિકારીને જાણ કરે.

૬. બાળહિતલક્ષી પ્રવૃત્તિઓમાં બાળકોના શ્રેષ્ઠ હિતને પ્રાથમિકતા આપવા પ્રતિનિધિત્વ કરે.

ચાલો, સાચા અર્થમાં બાળ મિત્ર બનીએ, ગ્રામ પંચાયતથી પરિવાર સુધી સૌ સાથે મળીને, બાળમિત્ર ગામ (Child Friendly Village)નું નિર્માણ કરીએ. બાળકો માટે સુરક્ષિત, સમાનતાયુક્ત, ઉજ્જવળ ભવિષ્યના નિર્માણ સાથે, વિકસિત ભારતના નિર્માણમાં યોગદાન માટે સહભાગી બનીએ.

આપણો સંકલ્પ

"ગામનું કોઈ બાળક શિક્ષણથી વંચિત ન રહે, અસુરક્ષિત ન રહે અને દરેક બાળકને સન્માનભર્યું બાળપણ મળે."

બાળ અધિકાર સંકલ્પ

બાળ અધિકાર - સૌનો સંકલ્પ, સૌનો સ્વીકાર

બાળક
હું સત્ય બોલીશ, સ્વચ્છતા જાળવીશ, વડીલોનું સન્માન કરીશ અને વ્યસનોથી દૂર રહીશ

NGO / સ્વૈચ્છિક સંસ્થા
હું બાળ અધિકારોના રક્ષણ અને પુનર્વસન માટે કાર્ય કરીશ તથા બાળલગ્ન, બાળમજૂરી, બાળ ભિક્ષાવૃત્તિ અને જાતીય શોષણ સામે જાગૃતિ લાવીશ

માતા-પિતા / વાલી
હું મારા બાળકને સારા સંસ્કાર, સારું શિક્ષણ, સુરક્ષા, સ્વાસ્થ્ય અને સર્વાંગી વિકાસ માટે યોગ્ય કાળજી રાખીશ

સ્કૂલ વાન / બસ ડ્રાઇવર
હું બાળકોની સલામતી અને સુરક્ષા માટે ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન કરીશ

શિક્ષક
હું દરેક બાળકને સારૂ શિક્ષણ અને કેળવણી આપીશ. તેમણે સુરક્ષિત વાતાવરણ તથા સારા નાગરિક બનવાની પ્રેરણા આપીશ

ટ્યુશન / કોચિંગ ક્લાસ સંચાલક
હું દરેક બાળકને સુરક્ષિત, ભેદભાવમુક્ત અને બાળમૈત્રીપૂર્ણ વાતાવરણ આપીશ

શાળા સંચાલક
હું દરેક બાળકને સમાન, સુરક્ષિત અને બાળમૈત્રીપૂર્ણ વાતાવરણ પૂરું પાડીશ

હોટલ / રેસ્ટોરન્ટ / ઢાબા સંચાલક
હું બાળકોને કામ પર રાખીશ નહીં અને બાળમજૂરી પ્રતિબંધક કાયદાનું ચુસ્તપણે પાલન કરીશ

પોલીસ અધિકારી
હું બાળકો વિરુદ્ધ થતા ગુનાઓના નિવારણ માટે તથા ફરિયાદોના સંદર્ભમાં ત્વરિત અને કાયદેસરની કાર્યવાહી કરીશ તેમજ તેમની સુરક્ષા અને સલામતી સુનિશ્ચિત કરીશ

કારખાના / ઉદ્યોગ માલિક
હું બાળકોને કામ પર રાખીશ નહીં અને બાળમજૂરી પ્રતિબંધક કાયદાનું ચુસ્તપણે પાલન કરીશ

આંગણવાડી કાર્યકર
હું દરેક બાળકને યોગ્ય પોષણ, સ્વાસ્થ્ય અને સંભાળ પૂરી પાડીશ

ખેડૂત
હું બાળકો પાસે ખેતમજૂરીનું કામ કરાવીશ નહીં

આશા વર્કર
હું બાળકોના સ્વાસ્થ્ય અંગે પૂરતી તકેદારી રાખીશ તથા તેમના માતા-પિતા, વાલી અને સમાજમાં જાગૃતિ લાવીશ।

ગોર-મહારાજ / ધાર્મિક આગેવાન
હું બાળલગ્ન અને અન્ય સામાજિક કુરિવાજોને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પ્રોત્સાહન આપીશ નહીં તથા આવા કુરિવાજો સામે સમાજને જાગૃત કરીશ

સરકારી કર્મચારી / અધિકારી
હું બાળ અધિકારોના રક્ષણ, સંવર્ધન અને પ્રોત્સાહન માટે નિષ્ઠાપૂર્વક કામગીરી કરીશ

સમાજ આગેવાન / રાજકીય પ્રતિનિધિ
હું બાળ અધિકારો અને બાળ કલ્યાણ માટે સમાજમાં જાગૃતિ લાવીશ

આશ્રમશાળા / નિવાસી શાળા / છાત્રાલય સંચાલક / કર્મચારી
હું દરેક બાળકની સુરક્ષા, શિક્ષણ અને સ્વાસ્થ્ય અંગે સંપૂર્ણ તકેદારી રાખીશ

સરપંચ / પંચાયત / નગરપાલિકા પ્રતિનિધિઓ
હું મારા ગામ, વોર્ડ, શહેર, વિસ્તારને બાળમૈત્રીપૂર્ણ બનાવવા નિષ્ઠાપૂર્વક કાર્ય કરીશ

ડૉક્ટર
હું દરેક બાળકને સંવેદનશીલતા, સમાનતા અને માનવીય અભિગમ સાથે આરોગ્ય સેવાઓ પૂરી પાડીશ

મીડિયા પ્રતિનિધિ
હું બાળકોની ગોપનીયતા, સ્વાભિમાન અને ગૌરવનું રક્ષણ કરીશ

સામાન્ય નાગરિક

બાળકનું રક્ષણ માત્ર સરકારની જવાબદારી નથી , તે દરેક નાગરિકની સામાજિક અને નૈતિક જવાબદારી છે



શ્રીમતી વર્ષાબેન પટેલ

સભ્ય

ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ



શ્રીમતી અમૃતાબેન અખિયા

સભ્ય

ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ



શ્રી કમલેશ રાઠોડ

સભ્ય

ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ



શ્રી વિષ્ણુભાઈ પટેલ

સભ્ય

ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ

બાળકો માટે મહાનુભાવોના પ્રેરણાદાયી વિચાર

છત્રપતિ શિવાજી મહારાજ



"બાળકોમાં હિંમત, શિસ્ત અને સારા સંસ્કાર કેળવો; લોકકલ્યાણને જીવનનું ધ્યેય બનાવો."

રાણી લક્ષ્મીબાઈ

"નિર્ભય બનો, અન્યાય સામે અવાજ ઉઠાવો અને તમારા અધિકારોનું રક્ષણ કરો."



મહાત્મા ગાંધીજી



૧. બાળકોને પ્રેમ, શાંતિ અને સત્યના માર્ગે ચાલવાનું શીખવો.
૨. સાચું શિક્ષણ બાળકના શરીર, મન અને આત્માનો સર્વાંગી વિકાસ કરે છે.
૩. બાળકોમાં સ્વાવલંબન, સત્યનિષ્ઠા અને સારા સંસ્કારોનું સિંચન કરો.

સરદાર વલ્લભભાઈ પટેલ

"બાળકો એ દેશનું ભવિષ્ય છે. તેમને એવા ઘડતરમાં ઉછેરવા જોઈએ જેથી તેઓ દેશના જવાબદાર અને ચારિત્ર્યવાન નાગરિક બની શકે."



મધર ટેરેસા



"We must realize the greatness of life. Every child is a gift from God, created for greater things, to love and to be loved."

સ્વામી વિવેકાનંદ



"સાચું શિક્ષણ ચારિત્ર્યનું ઘડતર કરે, મનની શક્તિ વધારે, બુદ્ધિનો વિકાસ કરે અને વ્યક્તિને પોતાના પગ પર ઊભા રહેવા સક્ષમ બનાવે."

નેલ્સન મંડેલા



"Our children are our greatest treasure. They are our future. Those who abuse them tear at the fabric of our society and weaken our nation."

ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ



"બાળક માટે સૌથી મહત્વનો ગુણ છે પોતાની જાત પ્રત્યે પ્રામાણિકતા અને અન્ય લોકો પ્રત્યે કરુણા."

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન



"શિક્ષણનો હેતુ માત્ર માહિતી અને કૌશલ્ય પ્રાપ્ત કરવાનો નથી, પરંતુ જવાબદાર નાગરિક બનાવે તેવી વિચારશક્તિ અને લોકશાહી ભાવનાનો વિકાસ કરવાનો પણ છે."

કૈલાશ સત્યાર્થી



"બાળકને શિક્ષણથી વંચિત રાખીને તેને કામ કરવા મજબૂર કરવામાં આવે, તો તે હિંસા છે."

ગિજુભાઈ બધેકા



"રમતો એ સાચું શિક્ષણ છે. મેદાનમાં મહાન શક્તિઓનો જન્મ થાય છે. રમતો ચારિત્ર્યનું ઘડતર કરે છે."

1098 CHILD HELPLINE 24X7

GSCPCR

CALL 112 One Nation One Emergency Number

ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ (GSCPCR)

: સંપર્ક માહિતી :

બ્લોક નંબર ૧૯, ત્રીજો માળ
ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦

sec-gscpcr@gujarat.gov.in | www.gscpcr.co.in | બાળ મિત્ર

+91 7923255671 | +91 7923255673

Follow us

